# વિધાનસભામાં ગરમાગરમ માહોલ : એઈમ્સ વડોદરા કે રાજકોટમાં

## ભાજપ અને કોંગ્રેસી સભ્યો દ્વારા એકબીજા પર આક્ષેપો : ગૃહમાં ગરમાગરમી અને શોરબકોરનું વાતાવરણ સર્જાયું મોબાઇલના ઉપયોગને લઇ અધ્યક્ષની સભ્યને કડક ટકોર

ગાંધીનગર,તા. ૨૧

ગુજરાત વિધાનસભામાં આજે પ્રશ્નોત્તારી દરમ્યાન એઈમ્સના મુદ્દે શાસક પક્ષ ભાજપ અને વિપક્ષના કોંગ્રેસના સભ્યો વચ્ચે જોરદાર ચડસાચડસી અને જીભાજોડી સર્જાઇ હતી. બંને પક્ષના ધારાસભ્યો હુંસાતુંસી અને આક્ષેપબાજી પર ઉતરી આવ્યા હતા. કોંગ્રેસના ધારાસભ્ય હર્ષદ રીબડીયાએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર ગુજરાત સરકારને અન્યાય કરતી હોય તો કેન્દ્ર સામે થપ્પડવાળી જાહેરાત કરવામાં આવતી હતી. છેલ્લા ત્રણ વર્ષથી એઈમ્સ મામલે ગુજરાતને કેન્દ્ર સરકાર દ્વારા અન્યાય કરવામાં આવી રહ્યો છે ત્યારે કેન્દ્રના અન્યાય સામે ફરી ગુજરાત સરકારે થપ્પડવાળી જાહેરાત શરૂ કરવી જોઇએ. કોંગ્રેસના આવા માર્મિક ટોણાં સાંભળી નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ ગિન્નાયા હતા અને તેમણે જણાવ્યું કે, બોલવામાં શૂરા અને કરવામાં બૂરા તેનું નામ કોંગ્રેસ. તમારા શાસનમાં એઈમ્સનું નામ પણ નહી સાંભળ્યુ હોય પરંતુ અમે એઈમ્સ આપી.

વિધાનસભા ગૃહમાં આજે એઈમ્સના મુદ્દે ભાજપ અને કોંગ્રેસના સભ્યો એક તબક્કે સામસામે આવી ગયા હતા. કોંગ્રેસના ધારાસભ્ય પૂંજાભાઇ વંશે સૌરાષ્ટ્રને એઈમ્સ આપવાની



માંગણી કરી હતી. તો, સામે ભાજપના ધારાસભ્ય યોગેશ પટેલે પણ વડોદરા જિલ્લામાં એઈમ્સ આપવા માંગ કરી હતી. જેથી નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલે કોંગ્રેસ પર વળતો પ્રહાર કર્યો હતો કે, કોંગ્રેસ નાતજાતની જેમ ભૌગોલિક દ્રષ્ટિએ પણ ભાગલા પાડવાના પ્રયાસો કરે છે. જે વાતને લઈ નીતિન પટેલ અને વિપક્ષના સભ્યો વચ્ચે બોલાચાલી સર્જાઇ હતી. શાસક પક્ષ ભાજપ અને વિપક્ષ કોંગ્રેસના ધારાસભ્યોની સામસામી આક્ષેપબાજી અને બોલાચાલીને લઇ ગૃહનું વાતાવરણ ગરમાયું હતું અને ભારે શોરબકોરથી ગાજી ઉઠયું હતું.

દરમ્યાન ગુજરાત વિધાનસભામાં આજે ઝીરો અવર્સ દરમ્યાન અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ નવા ધારાસભ્યોને ગૃહમાં મોબાઈલ ફોનને લઈ નિયમોનું કડક પાલન કરવા સૂચના આપી હતી. અધ્યક્ષે ટકોર કરી હતી કે, નવા ધારાસભ્યો ગૃહમાં મોબાઈલ ફોનનો ઉપયોગ કરી રહ્યા છે જે ગંભીર બાબત છે. કેટલાક ધારાસભ્યો મોબાઈલ ફોનમાં રેકોર્ડિંગ કરતા હોવાનું જણાય છે. જો હવે કોઈ ધારાસભ્ય મોબાઈલનો ઉપયોગ કરશે તો તેની વિરૂધ્ધ નિયમોનુસાર પગલા ભરાશે. ધારાસભ્યો પોતાની બેઠક બદલી બીજી બેઠક પર બેસતા હોવાના મુદ્દે અધ્યક્ષે ટીકા કરી હતી.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... સાંભળ્યું છે તમારી ક્લાયન્ટ બેંકના પૈસા લઈને બેંકને નિરાધાર કરી દીધી છે તો... લો આ મારું આધારકાર્ડ... જોઈને કરી દો બેંકને આધાર મળશે..

# મતદારોને મતદાન મથક સુધી લાવવા મોંઘીદાટ ગાડીઓ દોડી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર તાલુકા પંચાયતની ચુંટણી આજે યોજાઈ હતી. જેમાં સવારથી જ ગામડાઓમાં અનેરો માહોલ સર્જાયો હતો. સવારથી સાંજ સુધી મતદારોને મતદાન મથક સુધી લાવવા માટે મોંઘીદાટ ગાડીઓ દિવસભર દોડાદોડી કરી રહી હતી. જયારે સ્થાનિક ચુંટણી હોવા છતા મતદારોમાં નિરસતા જોવા મળી હતી. જયારે સવારથી સાંજ સુધી નાગરીકો કેટલા ટકા મતદાન થયું તેની પુછપરછ કરતા નજરે પડ્યા હતા.

ગાંધીનગર તાલુકા પંચાયતની ચુંટણીઓમાં ગ્રામ્ય વિસ્તારમાં વહેલી સવારથી જ પ્રારંભ થયેલ મતદાન પ્રત્યે મતદારોને નિરુત્સાહ જોવા મળ્યા હતા. બપોરના ૧૨ કલાક સુધી અનેક મતદાન મથકો ઉપર મતદાનની ટકાવારી ૨૦ ટકા સુધી પણ નહોતી પહોંચી શકી.



મતદારોની હાજરી ઓછી જોઈ ઉમેદવારોમાં ફડક પેસી ગઈ હતી જેથી મતદારોને મતદાન સુધી ખેંચી લાવવા કાર્યકરોને ગાડીઓ લઈને કામે લગાડ્યા હતા. આ પરિસ્થિતિમાં ગ્રામ્ય વિસ્તારના મતદારોને મતદાન મથક સુધી પહોંચવા માટે વૈભવી કારનો સહારો પ્રાપ્ત થયો હતો. ઉમેદવારોના ઘણા પ્રયત્નો છતા સાંજ સુધીમાં મોટાભાગના મતદાન મથકો પર સરેરાશ ૫૦ ટકાની આસપાસ મતદાન થવા પામ્યું હતું. ચુંટણીમાં રસ ધરાવતા ગ્રામજનો પણ વારંવાર મતદાનની ટકાવારી કેટલે પહોંચી તેની પુછપરછ કરતા જોવા મળતા હતા. સ્થાનિક સ્વરાજયની આ ચુંટણીઓમાં મતદારોનો નિરુત્સાહ ઉમેદવારો માટે ચોંકાવનારા પરિણામો લાવશે તેવી ભીતી ઉમેદવારોને સતાવી રહી છે. અત્યાર સુધી ચુંટણી પ્રચાર દરમિયાન રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવેલી ગણતરી હવે ઓછા મતદાનના કારણે ખોટી સાબિત થાય તેવું જણાઈ રહ્યું છે. તેથી તાલુકા પંચાયતની ચુંટણીઓમાં કોણ બાજી મારી જશે તે મુદો ગ્રામીણ વિસ્તારમાં ચર્ચા સ્પદ બનવા પામ્યો છે.

## હરિનગરના અગ્રણીએ અપશબ્દો બોલતા મતદારો પાછા ફર્યા

વાવોલમાં હરીનગર સોસાયટી ખાતે સોસાયટીના અગ્રણી હોદેદાર દ્વારા કોઈ અગમ્ય કારણોસર મતદાન કરવા નિકળેલા મતદારોને ગુસ્સે ભરાઈને અપશબ્દો બોલવા સાથે મતદાનનો બહિષ્કાર કરવા જણાવ્યું હતું. સોસાયટીના જ અગ્રણી હોદેદાર દ્વારા આ પ્રકારનું વર્તન નિહાળી મતદાન કરવા નિકળેલા મહિલા મતદારો સહિત અન્ય મતદારો પણ ડઘાઈ જવા પામ્યા હતા અને મતદાન કરવાનું ટાળ્યું હતું. જેને પગલે હરિનગરના આશરે એક હજાર જેટલા મતદારોમાંથી માત્ર સવાસો જેટલા સોસાયટીના નાગરીકોએ જ મતદાન કર્યું હતું.

## અમદાવાદમાં ધોળા દિવસે ચપ્પુના ઘા મારી યુવકની હત્યા

અમદાવાદમાં હત્યા અને લૂંટની ઘટનાઓ હવે સામાન્ય બની ગઈ છે. ધોળા દિવસે ચપ્પાના ઘા ઝીંકી એક યુવકની હત્યા કરવામાં આવી. આ ઘટના નરોડાનાઁ બ્રિજ પાસે બની છે. આ અંગે સરદારનગર પોલીસને જાણ થતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોચી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હતી.

# મેડીકલ કોલેજને સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ માટે ૫૭ કરોડની ફાળવણી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરમાં સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટર દ્વારા દર્દીઓને સારવાર મળી રહે તે માટે અલગ બિલ્ડીંગ ઉભુ કરવામાં આવનાર છે. જેને પગલે તાજેતરમાં આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓએ ગાંધીનગર સિવિલ કેમ્પસમાં મુલાકાત લઈને સ્થળની પસંદગી કરી હતી. ત્યારે આ બજેટમાં સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ અંગે જોગવાઈ પણ કરવામાં આવી છે. જેમાં ગાંધીનગર મેડીકલ કોલેજને રૂ.૫૭ કરોડથી વધુની રકમ ફાળવવામાં આવી છે. આ રકમથી આઠમાળની વધુ એક આધુનિક ટેકનોલોજીથી સજ્જ ઈમારત તૈયાર કરવામાં આવશે. જેમાં કાર્ડીયોલોજીસ્ટ, નેફ્રોલોજીસ્ટ, ન્યુરોલોજીસ્ટ, ગેસ્ટ્રોલોજી અને કેન્સર સહિતની ગંભીર સર્જરીના દર્દીઓને પણ ગાંધીનગરમાં સારવાર સરળતાથી મળી રહેશે.

ગાંધીનગર શહેરમાં સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ બને તે માટે સરકારના અધિકારીઓ દ્વારા અગાઉ મંત્રી કક્ષાએ પ્લાન મુકવામાં આવ્યો હતો. પરંતુ જે તે વખતે આ યોજના અંગે સરકારે વિચાર્યુ નહોતું. પરંતુ પાટનગરમાં સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ બને તે માટે આરોગ્ય અને તબીબી શિક્ષણ વિભાગના અધિકારીઓ દ્વારા વારંવાર પ્રોજેકટ રજુ કર્યા હતા. આરોગ્ય -તબીબી શિક્ષણ અને સેવાઓ વિભાગના અધિક મુખ્ય સચિવ તેમજ અધિક નિયામક સહિત ઉચ્ચ અધિકારીઓએ થોડા દિવસ અગાઉ ગાંધીનગર સિવિલના ઓડીટોરીયમ પાછળની ખુલ્લી જગ્યામાં સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ બનાવવા માટે મુલાકાત પણ લીધી હતી.સ્થળની તપાસણી કર્યા બાદ અહીં આઠમાળની ઈમારત બનાવવા માટેની ફાઈલ આરોગ્ય મંત્રી પાસે મુકવામાં આવી હતી.જેને લીલીઝંડી મળ્યા બાદ આગામી નાણાકીય વર્ષના બજેટમાં પણ તે લઈ લેવામાં આવી છે. વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટમાં રૂપીયા ૫૭ કરોડ પણ વધુ રૂપીયા ગાંધીનગરમાં આ સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિલ બને તે માટે ફાળવવામાં આવ્યા છે તેમ મેડીકલ કોલેજના ડીન ડો. અરુણ વ્યાસે જણાવ્યું છે.ત્યારે આગામી દિવસોમાં તે અંગેનું કામ પણ શરુ થશે. અહીં હોસ્પિટલ બન્યા બાદ કાર્ડીયોલોજી, કેન્સર, અને કિડનીના દર્દીઓને સારવાર મળી રહેશે. જયારે આગામી બજેટમાં પણ હોસ્પિટલ બનાવવા માટે વધુ રૂપીયાની ફાળવણી કરવામાં આવશે.

## ગુજરાતના ૧૫ દિગ્ગજ ધારાસભ્યો ભાજપ છોડી શકે છે : હાર્દિક પટેલ

હાર્દિક પટેલે કહ્યું ૧૫ જેટલા દિગ્ગજ ધારાસભ્યો ભાજપનો સાથ છોડી દેશે. પાસ કન્વીનર હાર્દિક પટેલે મધ્યપ્રદેશ પ્રવાસ દરમિયાન કેટલાક એવા ખુલાસા કર્યા છે જેનાથી ભાજપ સરકારની ઉંઘ ઉડી ગઈ છે. તેમણે પાંચ ભાજપના ધારાસભ્યો તેની સાથે હાથ મિલાવવા અને ૧૦ ધારાસભ્યો સાથે થઈ રહેલી ચર્ચા થવાની વાત મધ્યપ્રદેશ પ્રવાસ દરમિયાન કહી. જો હાર્દિકનો એ દાવો સાચો સાબિત થાય છે તો નરેન્દ્ર મોદીના ગૃહ પ્રદેશ ગુજરાતમાં ભાજપ શાસિત સરકાર પડી શકે છે. આ દરેક ૧૫ ધારાસભ્ય તેમના સંપર્કમાં છે અને તે પણ પાટીદાર આંદોલનના સમર્થનમાં સરકાર સાથે પોતાનું સમર્થન પાછુ લઈ લેશે. તેમણે કહ્યું કે ૧૦-૧૫ ધારાસભ્યોને અહીંયાથી ત્યાં કરવાના છે. જેમાંથી ચાર-પાંચ અમારી પાસે છે. મધ્યપ્રદેશમાં આવવા માટે મને કેટલીય વાર રોકવામાં આવ્યો, પરંતુ હું રોકાયો નહીં અને આવી જ ગયો. ખેડૂતો અને સામાન્ય જનતાના અધિકારો માટે હું લડત લડુ છુ. પ્રદેશની જનતાએ મને સ્નેહ મળી રહ્યો છે. હું વારંવાર આવતો રહીશ. આગામી વિધાનસભા ચૂંટણીમાં તે ભાજપ વિરુદ્ધ પ્રચાર અભિયાનમાં ભાગ લેશે. હાર્દિકનો આ પ્રવાસ પણ તેમની આગલી રણનીતિનો એક ભાગ છે. હાર્દિકે કહ્યું કે કુપોષણથી આદિવાસીઓના મોત થઈ રહ્યા છે. ખેડૂતો સાથે અન્યાય થઈ રહ્યો છે. જે માટે મધ્યપ્રદેશની સરકાર સાથે લડત લડવામાં આવશે. હાર્દિકને સિહોરમાં સ્થાનિક લોકોએ જ્ઞાપન સોંપતા પાટીદારો અને અન્ય પછાત વર્ગના જાતિ પ્રમાણ પત્ર બનાવવામાં વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવી રહેલા ભેદભાવને લઈને અવગત કરવામાં આવશે.



ગટરનું ઢાંકણું ગુમ : ચ-૩ થી જ-૩ વચ્ચેના માર્ગ પર ગટરનું ઢાંકણું તૂટી જવાથી વાહનચાલકો ભારે હાલાકી અનુભવે છે. ગાંધીનગરમાં અનેક સ્થાનો પર આવા દ્રશ્યો અનુભવાય છે. આ માર્ગ પર બે શાળાઓના બાળકોની અવર-જવર પણ હોવાથી તાકીદે દુરસ્તીકરણ થાય એ જરૂરી છે.

# ટેટની પરીક્ષાઓ માત્ર સરકાર ફી વસુલવા યોજે છે

## ૬ માર્ચથી ૫ એપ્રિલ સુધી ઓનલાઈન અરજી : ટેટ-૨ પરીક્ષા પાસ ઉમેદવારો શિક્ષકની ભરતી ન થતા નિરાશ : ૨૦૧૨ થી પરીક્ષા પાસ કરી ચૂકેલ અનેક અરજદારોના ભવિષ્ય સામે ચિંતા : આંદોલનની ચીમકી

ગાંધીનગર, તા. ૨૧

એક તરફ રાજય સરકાર મોટી- મોટી જાહેરાતો કરતી હોવાની વાતો કરે છે ત્યારે બીજી તરફ કડવી વાસ્તવિકતા એ છે કે ટેટ-૨ પરીક્ષા પાસ કરી ચુકેલા રાજયમાં હજારો અરજદારોને પરીક્ષા પાસ કર્યાના ૫-૫ વર્ષ પછી નોકરી નસીબમાં થઇ નથી જેને લઈને આવા અરજદારો ના છુટકે ખાનગી શાળામા નજીવા પગારમાં નોકરી કરવાની ફરજ પડે છે. જયાં તેમનું શોષણ કરવામાં આવી રહ્યું છે. આ મુદ્દે સરકારમા અવારનવાર રજુઆતો કરવા છતા તેમના પેટનું પાણી હાલતું નથી.

દર વર્ષે ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ટેટ-૧ અને ટેટ-૨ પરીક્ષાનું આયોજન કરાય છે. જેમાં ટેટ-૧ માટે ધો. ૧ થી ૫ અને ટેટ-૨ માટે ધો-૨ થી ૮માં શિક્ષકોની ભરતી કરાય છે. જે માટે દર વર્ષે જાહેરાત કરી સરકાર અને શિક્ષણ બોર્ડના નામે ગુજરાતના લાખો બેકાર ઉમેદવારો પાસેથી કરોડોની ફી વસુલે છે પરંતુ પરીક્ષા આપ્યાં બાદ ભરતી કરવામાં આવતી નથી. દર વર્ષે બેકારો ઉમેરો થતો જાય છે. કારમી મોંઘવારીમાં બે છેડા ભેગા કરવામાં થતા અનેક શિક્ષિત ઉમેદવારો નોકરીની રાહ જોઇ રહ્યાં છે. પરંતુ હજુ તેમની આશા ઠગારી નીવડી છે. બેકાર ઉમેદવારોના ભવિષ્ય સામે સવાલ ઉભા થયા છે. આ મુદ્દે વારંવારની રજુઆત અને આશ્વાસનો આપવામાં આવે છે. સાબરકાંઠા- અરવલ્લીના સેકડો આવા ઉમેદવારોમાં રોષ ભભૂકી ઉઠયો છે અને તાકીદે ભરતી જાહેર નહી કરવામાં આવે તો આંદોલન કરવાની પણ ચીમકી ઉચારવામા આવી છે. નોકરીની તલાશમાં દર દર ભટકતાં ઉમેદવારોમાં નિરાશા છવાઈ ગઇ છે પરંતુ સરકાર બહેરા કાને રજુઆતો સાંભળતી નથી.

# ઈજનેરી-ફાર્મસીમાં પ્રવેશ માટે ગુજકેટ ૨૩મી એપ્રિલે

## જિલ્લા કક્ષાના કેન્દ્રો પર પરીક્ષા યોજાશે : ધોરણ-૧૨ના વિજ્ઞાનપ્રવાહના અભ્યાસક્રમ પર આધારિત ગુજકેટ હશે

ગાંધીનગર,તા.૨૧

ઈજનેરી અને ફાર્મસીમાં પ્રવેશ માટેની ગુજકેટની પરીક્ષા આગામી તા.૨૩મી એપ્રિલના રોજ યોજાશે. આ વર્ષે એડમીશન માટે ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહના ગ્રુપ-એ, ગ્રુપ-બી અને ગ્રુપ-એબીના વિદ્યાર્થીઓ માટેની આ ગુજકેટની પરીક્ષા માટે ઓનલાઈન ફોર્મ ભરવાની તારીખ સત્તાવાળાઓ દ્વારા ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. જિલ્લા કક્ષાના કેન્દ્રો પર સવારે ૧૦થી સાંજે ચાર વાગ્યા દરમ્યાન ગુજકેટની આ પરીક્ષા યોજાશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહ પછી ડિગ્રી ઈજનેરી અને ડિગ્રી ફાર્મસીના વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ગુજકેટની પરીક્ષા ફરજિયાત કરવામાં આવી છે. ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહના અભ્યાસક્રમ આધારિત ગુજકેટની પરીક્ષા માટેનો અભ્યાસક્રમ રહેશે. જેમાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન અને ગણિત વિષયના બહુવૈકલ્પિક પ્રકારના હેતુલક્ષી પ્રશ્નો ધરાવતા પ્રશ્નપત્ર રહેશે. તો, ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્રનું પ્રશ્નપત્ર સંયુકત રહેશે. જેમાં ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્રના ૪૦-૪૦ પ્રશ્નો અને તે માટે ૮૦ ગુણ રહેશે. આ પ્રશ્નપત્ર માટે ૧૨૦ મિનિટનો સમય આપવામાં આવશે. ઓએણઆરશીટ પણ ૮૦ પ્રત્યુત્તર માટેની રહેશે. જયારે જીવવિજ્ઞાન અને ગણિતનું પ્રશ્નપત્ર અલગ-અલગ રહેશે. જે માટેની ઓએમઆર આન્સરશીટ પણ અલગ અલગ આપવામાં આવશે. એટલે કે, જીવવિજ્ઞાન અને ગણિતમાં પ્રત્યેકમાં ૪૦ પ્રશ્ન અને ૪૦ ગુણ રહેશે, જયારે તે માટે ૬૦ મિનિટનો સમય આપવામાં આવશે. આ બંને વિષય માટે ઓએમઆર આન્સરશીટ પણ ૪૦ પ્રત્યુત્તર માટેની રહેશે.

ગુજકેટની આ પરીક્ષામાં વિદ્યાર્થીઓને ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી એમ ત્રણ માધ્યમમાં પરીક્ષાના પ્રશ્નપત્રો આપવામાં આવશે. આ પરીક્ષા માટે ઓનલાઈન ફોર્મ ભરવાની તારીખ ટૂંક સમયમાં જ જાહેર કરવામાં આવનાર છે. ગુજકેટની પરીક્ષાને લઈ વિદ્યાર્થીઓમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. ગુજકેટને લઈને તૈયારી કરાઈ છે.

## મુંબઈથી દિલ્હી ૨૦૦ કિ.મીની ઝડપે ટ્રેન દોડાવવા ૧૧ હજાર કરોડ રૂપિયાની મંજૂરી

રેલવે મંત્રાલય દ્વારા મુંબઇ -દિલ્હી વચ્ચે અંદાજે ૨૦૦ કિ.મીની ઝડપે ટ્રેન ચલાવવા અંદાજે રૂ. ૧૧,૧૮૮ કરોડ મંજુર કર્યા છે. આ રૂટમાં વડોદરા-અમદાવાદ રૂટનો પણ સમાવેશ થાય છે . આ ટ્રેન ચાલુ થતા ૧૨ કલાકમાં મુંબઈથી દિલ્હી જઇ શકાશે. વડોદરા રેલવે સુત્રો મુજબ ટ્રેક સાથે બ્રીજ અને વળાંક પણ સરખા કરવા પડશે.

રેલવે મંત્રાલય દ્વારા ટ્રેનની સરેરાસ સ્પિડ ૭૫ કિ.મી.થી વધારવા સતત પ્રયાસ થઈ રહ્યો છે. જ્યારે બીજી બાજુ વર્ષો જુના ઈન્ફ્રાસ્ટ્રકચરને કારણે સેફટીના પ્રશ્ન નડે છે. જેથી રેલવે મંત્રાલય દ્વારા ટેલ્ગો ટ્રેનનો ટ્રાયલ કરવા માંઆવ્યો હતો. અંદાજે ૧૮૦ કિ.મિની સ્પીડથી ભારતીય એન્જીનની મદદથી આ ટ્રાયલ સફળ રહ્યો હતો. ત્યારબાદ રેલવે મંત્રાલય દ્વારા રાજધાની ટ્રેનની સ્પીડ વધારવામાં આવી હતી. હાલ મુંબઇ-દિલ્હી વચ્ચે ૧૩૦ કિ.મી.ની સ્પીડે રાજધાની ટ્રેન દોડે છે.

આ ટ્રેન નીયત સમયે પહોંચે અને પીકઅપ મળે તેમાટે તેમાં બે એન્જીન લગાવવાય છે ત્યારે બીજી બાજુ રેલવે દ્વારા ચાલુ વર્ષના બજેટમાં મુંબઇ -દિલ્હી વચ્ચે ૨૦૦ કિ.મી.ની ઝડપે ટ્રેન ચલાવવાના પ્રોજેક્ટને મંજૂરી આપ્યા બાદ રૂ. ૧૧૧૮૮ કરોડ મંજુર કર્યા છે. જે આગામી એપ્રિલ મહીનાથી મળશે.

# રૂપાણી સરકારની નિષ્ફળતા! ૫૦૦૦ યુવાનો નોકરીથી વંચિત રહ્યા

ગુજરાતમાં સરકારની નીતિના કારણે ૫૦૦૦થી વધારે યુવાનો નોકરીથી વંચિત રહી જવા પામ્યા છે. આમ થવાનું કારણ નિવૃત્તિ પછી એપોઈન્ટ કરવાની સરકારની વિચિત્ર નીતિ મુખ્ય છે. સરકારના વિવિધ વિભાગોમાં હાલ ૩૦૦૦થી વધુ કર્મચારીઓ નિવૃત્તિ પછી પણ નોકરીમાં ચાલુ છે. રિએમ્પ્લોઈમેન્ટની સરકારની નીતિના કારણે નવા ઉમેદવારોને નોકરીની તક મળતી નથી.

૫૮ વર્ષે ગુજરાત સરકારમાં નિવૃત્ત થયેલા અધિકારી તેમજ કર્મચારીને રિએમ્પ્લોય કરવામાં આવે છે તેથી તે અધિકારી કે કર્મચારી એક યુવાનની નોકરીને છીનવી રહ્યો છે. નોકરીના પૂર્ણ સમયના વર્ષો પૂર્ણ કર્યા પછી સરકારમાં નોકરી મેળવવાની લાલચના કારણે ગુજરાતમાં બેકારી વધતી જાય છે. સરકારની દલીલ એવી હોય છે કે સરકારને અનુભવી ઓફિસરો મળે છે તેથી વહીવટમાં સરળતા રહે છે, પરંતુ તેની સામે દલીલ એવી છે કે સરકારમાં કામ કરતા બીજી કેડરના ઓફિસર કે કર્મચારીને તૈયાર કરી શકાય છે. બીજી કેડર તૈયાર હશે તો નવા દાખલ થતાં યુવાનને કામ કરવાની તક મળશે.

સરકારમાં સમયાંતરે ટ્રેઈનિંગ આપવાની હોય છે તેથી નવો ઉમેદવાર આવી ટ્રેઈનિંગમાં તૈયાર થઈ શકે છે. સરકારના વિવિધ વિભાગોમાં ૩૦૦૦થી વધુ નિવૃત્ત ઓફિસરો કામ કરી રહ્યાં છે. એવી જ રીતે રાજયના વિવિધ જિલ્લાઓમાં અર્ધ સરકારી સંસ્થાઓ કે જેમાં સરકારની ગ્રાન્ટ મળે છે તેવી પોસ્ટ પર પણ નિવૃત્તોને નોકરીએ રાખવામાં આવતા હોય છે. નિવૃત્તિ પછી એપોઈન્ટ કરવાની નીતિ બંધ કરી સરકાર જો નવી ભરતીને પ્રાધાન્ય આપે તો બેકાર યુવાનને સરકારમાં નોકરી મળશે.